હિંમતનગર-ઈડર યાર્ડમાં કમોસમી માવઠાના ડર વચ્ચે ૧૦ હજાર બોરી ઘઉંની આવક

પાકની ગુણવત્તા પ્રમાણે રુ ૪૧૧ થી ૬૧૦ સુધીનો ભાવ મળ્યો : ઓછા ભાવથી અનેક ખેડૂતોનો કકળાટ દેખાયો

બાયડ તા.૧૮

આગામી ૪ દિવસ સુધી કમોસમી માવઠાની આગાહીથી ખેડૂતોની ઊંઘ હરામ થઈ ગઈ છે ત્યારે હિંમતનગર અને ઈડર યાર્ડમાં ગુરુવારે ૧૦,૬૮૦ બોરી ઘઉંની આવક નોંધાઈ છે. પાકની ગુણવત્તા પછી ખેડૂતોને જાહેર હરાજીમાં ૨૦ કી.ગ્રામ ઘઉં દીઠ રુ ૪૧૧ થી -૧૦ સુધીનો ભાવ મળ્યો છે. જ્યારે ઓછા ભાવથી અનેક ખેડૂતોનો કકળાટ છ્યો રહ્યો નથી પરંતુ કમોસમી માવઠાનું સંકટ હોવાથી ખેડૂતો તૈયાર પાક ભીંજાઈ જાય તો પાયમાલ થઈ જવાય તેના કરતાં જે ભાવ મળ્યો તે લઈ લેવાનું મુનાસીફ માની રહ્યા છે. દરેક

યાર્ડોમાં ભાવમાં મણ દીઠ રુ ૬૦ થી ૭ના તફાવતની પણ ગંભીર નોંધ લેવાય છે.

મળતી વિગતો અનુસાર વર્ષ-૨૦૨૩ શરુ થયું ત્યારથી ખેડૂતોની હવામાન ક્ષેત્રે પનોતી બેઠી છે. વારંવાર હવામાન પલ્ટાવ અને ક્યારેક તો ૨૪ કલાકમાં શિયાળો, ઉનાળો અને ચોમાસુ જેવી સ્થિતિથી ખેતીને હવામાન પલ્ટાવથી નુકસાન થયાની વિગતો સામે આવી છે. માર્ચ મહિનામાં હોળી-ધુળેટી અને પરીક્ષાની સીઝન છે ત્યારે હવામાન ફરીથી બેઈમાન બની જતાં ખેડૂતોની

હાલત કફોડી થઈ છે. જિલ્લામાં ૪૦ ટકાથી વધુ જમીનમાં ઘઉં, રાયડો, ચણા સહિતનો તૈયાર પાક લેવાનો બાકી છે ત્યારે ફરી એકવાર કમોસમી માવઠાનાં વાદળો ઘેરાતાં ખેડૂતોએ ખાવા-પીવાનું છોડી ખેતરમાં અડીંગા જમાવ્યા છે અને પાક વેપારીના આંગણે પહોંચે તેવા પ્રયાસ શરુ કર્યા છે. જેથી કમોસમી માવઠાના ભય વચ્ચે પણ યાર્ડોમાં બમ્પર પાકની આવક ઠલવાઈ રહી છે. તા.૧૬ માર્ચના રોજ હિંમતનગર અને ઈડર યાર્ડમાં ઘઉંની બમ્પર આવક થયાનું વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ફાઈનાન્સિયલ અવેરનેસ પ્રોગ્રામ યોજાયો

ધનસુરા, તા. ૧૮

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા માં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ફાઈનાન્સિયલ અવેરનેસ પ્રોગ્રામ યોજાયો હતો.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરાના સી.ડબલ્યુ.ડી.સી. વિભાગ તથા ફાઈનાન્સિયલ પ્લાનિંગ એકેડેમી અમદાવાદ ના સંયુક્ત ઉપક્રમે તા.૧૬ માર્ચ ૨૦૨૩ ના રોજ કોલેજની વિદ્યાર્થિની બહેનો માટે ફાઈનાન્સિયલ અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં એકેડેમીમાંથી ઉપસ્થિત નિષ્ણાત શ્રી દુષ્યંત દેવનાથ દ્વારા લેકચર અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.જેમાં વિદ્યાર્થિનીઓએ કેવી રીતે સ્વનિર્ભવ બનવું અને તેમાંથી કઈ રીતે બચત કરવી તે વિશે ખૂબ રસપ્રદ વિસ્તૃત માહિતી આપી હતી.પ્રિ.ડૉ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટે મહેમાનશ્રીનું સ્વાગત કરી પ્રવર્તમાન સમયમાં સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી ઉત્કર્ષ માટે વિદ્યાર્થીનીઓને મહત્વ સમજાવ્યું હતું. સી.ડબલ્યુ.ડી.સી ના કોઓર્ડિનેટર ડૉ. રમાબેન શાહ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.અને કો કોઓર્ડિનેટર પલ્લવીબેન ત્રિવેદી તથા સર્વે અધ્યાપકશ્રીઓ અને કોલેજની વિદ્યાર્થીની બહેનોએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ મહેતાએ વિદ્યાર્થીનીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ પર કન્ટેઈનરમાંથી ૬૪ અબોલ જીવોને જીવતદાન

ડીસા, તા. ૧૮

અમીરગઢ પીઆઈ એમ.આર.બારોટની સુચનાથી પોલીસ સ્ટાફના માણસો બોર્ડર ચેકપોસ્ટ ઉપર વહેલી સવારે વાહન ચેકીંગમાં હતા. દરમિયાન રાજસ્થાન તરફથી એક કન્ટેઈનર (નં.એચઆર-૩૯-ઈ-૨૦૪૮) આવતા રોકાવવાનો પ્રયત્ન કરતાં ચાલકે પોતાનું

કન્ટેઈનર પાલનપુર તરફ ભગાડી મુકતાં તેનો પીછો કરતાં કન્ટેઈનર ચાલક આવલ ગામની સીમમાં કન્ટેઈનર મુકી નાસી છૂટ્યો હતો. જે કન્ટેનરમાં ચેક કરતાં જીવતા નંદી (આખલા), ગાય કુલ ૬૪ તથા મરી ગયેલ નંદી-૧ મળી આવ્ય હતા. જેની કિંમત રૂ.૯૬,૦૦૦ તથા કન્ટેઈનરની કિંમત રૂ.૧૨,૦૦,૦૦૦ મળી કુલ રૂ. રૂ.૧૨,૯૬,૦૦૦ નો મુદામાલ જપ્ત કરાયો હતો. પકડાયેલા નંદી (આખલા), ગાયને ડીસાના કાંટ પાંજરાપોળ મોકલી આપી નાસી ગયેલ કન્ટેઈનર ચાલક વિરુધ્ધ અમીરગઢ પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ હતી.

ભાજપના રાજમાં અયોધ્યાનગરમાં બારેમાસ ગંદકી

બાયડ પાલિકા વિસ્તારમાં ઉભરાતી ગટરથી સ્થાનિકો ત્રાહીમામ

મચ્છરજન્ય રોગચાળો વકરવાની દહેશત વધી, દવા છંટકાવ ભૂલાયો

બાયડ, તા.૧૮

ભાજપ શાસિત બાયડ નગરપાલિકાના અયોધ્યાનગરમાં ઉભરાતી ગટરોના કારણે બારેમાસ ગંદકી વ્યાપક ફરિયાદો છતાં તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં આળોટતું હોય તેવી સ્થિતિ પ્રવર્તિ રહી છે. જ્યારે ઉભરાતી ગટરોએ હવે કાયમી સમસ્યામાં સ્થાન લઈ

જેવી સમસ્યા જોવા મળી છે જેના કારણે દરરોજ રામલલ્લાના દર્શને આવતા ભક્તોમાં રોષ જોવા મળ્યો છે. સ્થાનિકો પણ ઉભરાતી ગટરોથી પ્રસરી રહેલી દુર્ગંધના કારણે ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. પાલિકામાં વારંવારની રજુઆતો પછી પણ કોઈ સાંભળતું ન હોવાથી પ્રજાએ રજૂઆતો કરવાનું છોડી દીધું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ નગરપાલિકામાં ઠેરઠેર ગંદકી, જાહેરમાં કચરો સળગાવવો, નબળાં વિકાસનાં કામ સહિતની દરમ્યાન દુર્ગંધ મારતા પાણીના કારણે સ્થાનિક રહીશોની ઉંઘ હરામ થઈ ગઈ છે. સતત ગટરોમાંથી ઉભરાતું ગંદુ પાણી હવે મચ્છરજન્ય રોગચાળો ફેલાવે તેવી દહેશત પણ સ્થાનિકોએ સેવી છે. પાલિકામાં દવા છંટકાવ હવે ભૂતકાળ થઈ ગયો હોય તેવું લોકો જણાવી રહ્યા છે. એક તરફ રાજ્ય સરકાર કોરોનાના કેસ વકરતાં દરેક જિલ્લાના આરોગ્ય વિભાગને એલર્ટ લીધું છે. મળતી જાણકારી અનુસાર બાયડ નગરપાલિકાના ગાબટ રોડ ઉપર આવેલા અયોધ્યાનગરમાં લાંબા સમયથી ગટરો ઉભરાઈ રહી છે અને ઉભરાતું પાણી હવે મુખ્ય રોડ સુધી ભરાવવા લાગ્યું છે જેના કારણે સમી સાંજથી પરોઢ મોડ પર રહેવાની સાથે સ્થાનિક તંત્રને પણ સજાગ રહેવા તાકીદ કરી છે ત્યારે બાયડ પાલિકામાં અયોધ્યાનગર વિસ્તારમાં ઉભરાતી ગટરોથી રામલલ્લાના ભક્તોથી માંડી અયોધ્યાનગરના રહીશો ત્રાહીમામ પોકારી ઉઠ્યાનું જાણવા મળ્યું છે.

ડીસાના કચ્છી કોલોની વિસ્તારના બોરના કેબલની બીજી વખત ચોરી

અજાણ્યા તસ્કરો વિરુદ્ધ દક્ષિણ પોલીસ મથકે ફરીયાદ દાખલ

ડીસા, તા. ૧૮

ડીસા નગરપાલિકા હસ્તકના કચ્છી કોલોની વિસ્તારમાં આવેલા પાણીના બોર પરથી બે વખત કેબલ વાયરની ચોરી થઈ હતી. જ્યારે એસ. સી. ડબલ્યુ. હાઈસ્કુલ કમ્પાઉન્ડમાં આવેલા પાણીના બોર પરથી તેમજ રાજપુર વિસ્તારમાં આવેલા પાણીના બોર પરથી પણ બે વખત કેબલ વાયરની ચોરી થઈ હતી. આ ઉપરાંત ડીસા કોલેજ રોડ ઉપર લગાવેલ સ્ટ્રીટ લાઈટની પણ ચોરી થઈ હતી. આ બાબતે ડીસાના નગરજનો તેમજ ડીસા વોર્ડ નંબર ચારના આમ આદમીના કોર્પોરેટર તેમજ આમ આદમી પાર્ટીના ડીસા શહેર પ્રમુખ વિજય દવેએ ચીફ ઓફિસરને વારંવાર લેખિત તેમજ

મૌખિક ફરિયાદ કરી આ ચોરી બાબતે પોલીસ ફરિયાદ નોંધાવા જણાવ્યું હતું. તેમ છતાં ચીફ ઓફિસર દ્વારા એક પણ ચોરીની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી ન હતી. ચોરીની ફરિયાદ ન નોંધાતા ચોરોને જાણે મોકળું મેદાન મળી રહ્યું છે, તેમ વારંવાર ચોરી કરતા હતા. જેથી કોર્પોરેટર વિજય દવે ચીફ ઓફિસરને આ ચોરી બાબતે લેખિત એફઆઈઆર કરવા રજૂઆત કરી તેમજ રજૂઆતમાં ચીફ ઓફિસર ફરિયાદ નહીં કરે તો પોતે પોલીસ ફરિયાદ કરશે અને ચીફ ઓફિસર પણ આ ચોરીમાં મદદગાર છે. તેમ સમજી તેમની સામે પણ એફઆઈઆર નોંધાવવામાં આવશે. તેવી રજૂઆત કરી હતી. તેના પગલે નગરપાલિકા અધિકારી સુરેશ જાદવે ચોરી બાબતે અજાણ્યા ઈસમો સામે ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદિરમાં વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી

ભિલોડા,તા.૧૮

ભિલોડાની આર.જે.તન્ના પ્રેરણા મંદિરમાં વિશ્વ ગ્રાહક દિવસની ઉજવણી કરવામાં આવી.શાળાના તમામ વિધાર્થીઓને ગ્રાહક પોતાના અધિકારો અંગે જાગૃત થાય તે માટેની માહિતી આપવામાં આવી.શાળાના આચાર્ય રમણભાઈ પટેલે જણાવ્યું હતું કે ગ્રાહકોને પોતાના અધિકારોનો ખ્યાલ જ હોતો નથી.સરકાર પણ ગ્રાહકોના હિતો માટે વધુ સજાગ બની છે ત્યારે કાયદાનો લાભ સામાન્ય વ્યક્તિઓને પણ મળવો જોઈએ અને ગ્રાહકો પોતાના હક માટે સજાગ હોવા જોઈએ તેવી સમજ સમાજમાં પહોંચવી જોઈએ.સમગ્ર કાર્યક્રમનું આયોજન મુકેશભાઈ પટેલે કર્યું હતું.

તલોદમાં રામદેવપીરના પાટોત્સવમાં પધારેલા ધારાસભ્યનું સ્વાગત થયું

તલોદ, તા. ૧૮

પ્રાંતિજ, તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર ગુરુવારે વણઝારા સમાજ દ્વારા યોજાયેલસા રામદેવપીરના પાટોત્સવમાં હાજરી આપતા સાલ ઓઢાડી સન્માન કરી કંકુ તિલક અને ફુલહારથી સ્વાગત કરી મહાઆરતીનો લાહવો માણ્યો હતો. સમગ્ર વણઝારા સમાજ આભાર પ્રગટ કરી ભગવાન રામદેવજી પદયાત્રા કરવાનો ધારાસભ્ય સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગે પ્રમુખ ઋતુલભાઈ પટેલ પત્રકાર રાકેશ શાહ કાર્યકર્તાઓ અને વણઝારા સમાજના અગ્રણી આગેવાનો મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

પ્રાંતિજના ગલતેશ્વર ખાતે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર ખાતે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ ની ઉજવણી કરવામા આવી હતી

પ્રાંતિજ ના ગલતેશ્વર ખાતે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ તરીકે ઉજવણી કરવામા આવી હતી જેના ભાગ રૂપે પ્રાંતિજ ના ગલતેશ્વર ખાતે આવેલ પ્રાથમિક શાળા ખાતે ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજ દ્વારા આયોજન કરવામા આવ્યુ હતુ જેમા મહંત સુનીલદાસજી મહારાજ , શાળાના મુખ્ય શિક્ષક સંગીતાબેન પટેલ , ઉપશિક્ષક કનુભાઈ પરમાર , શિક્ષક આશિષ ભાઈ પંડયા , હરેશકુમાર પટેલ , મારૂફા બેન રાણાવડીયા સહિત શાળા પરિવાર દ્વારા માર્ગદર્શન પુરૂપાડવામા આવ્યુ હતુ તો ૧૫ મી માર્ચ વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ ના મહત્વ વિશે વિસ્તૃત મા પ્રાંતિજ ગ્રાહક મંડળ ના પ્રમુખ નટુભાઈ બારોટ દ્વારા સમજણ આપવામા આવી હતી.

અમીરગઢમાંથી એક શખ્સ બંદૂક સાથે ઝડપાયો

પાલનપુર તા.૧૮

અમીરગઢ વિસ્તારમાંથી બનાસકાંઠાની એસ.ઓ.જી પોલીસે બંદૂક સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે. એસ ઓ જી પોલીસે અમીરગઢ વિસ્તાર પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે એક ઈસમને બંદૂક સાથે ઝડપી કુલ ૫૦૦૦નો મુદામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા એસ.ઓ.જી પોલીસે ઢોલિયા ડાભીવાસમાંથી અમીરગઢમાં થી એક શખ્સને બંદૂક સાથે ઝડપી પાડ્યો હતો. એસ.ઓ.જી સ્ટાફ અમીરગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન બાતમી આધારે ઢોલીયા ડાભીવાસ ગામની સીમમાં રહેતા હીરાભાઈ જીવાભાઈ ડાભી નાઓના પોતાના કબ્જા ભોગવટા ના ખેતરમાં બનાવેલ રહેણાંક ઘરે દેશી હાથ બનાવટ એક નાળી બંદૂક જેની ૫૦૦૦ કિંમત ના મુદામાલ સાથે સદરહુ આરોપીને મુદામાલ સાથે પકડી પાડી આગળની વધુ કાર્યવાહી માટે અમીરગઢ પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો હતો.

આરોગ્ય મંત્રીના હસ્તે પાલનપુરના તબિબને એનાયત કરાયો

પાલનપુર, તા. ૧૮

હેલ્થ કેર સીમિટ અંતર્ગત આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે ગુજરાતને સ્વસ્થ રાખવામાં જેમનું અમૂલ્ય યોગદાન છે. તબીબી ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ તથા પ્રદાન બદલ રાજયના ૨૬ જેટલા ડોક્ટરોને એવોર્ડ એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જેમાં પાલનપુરના તબિયત ડોક્ટર સંજય ચૌધરી

ને આરોગ્ય મંત્રીએ એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા.

ભારે પવન સાથે ધોધમાર કરાનો વરસાદ : અરવલ્લીના ખેડૂતો પર પડતા ઉપર પાટુ જેવો ઘાટ સર્જાયો

ઉભા પાકનો સોથ વળી ગયો,ખેડૂતો લાચાર : બરફના મોટા મોટા કરા પડતા લોકોએ કરા હાથમાં લઇ ફોટો પાડી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યા હતા :બરફના કરા પડતા લોકોએ સોશ્યલ મીડિયામાં કાશ્મીરનો અહેસાસ અનુભવ્યો બીજીબાજુ ખેડૂતો કુદરતનો કહેરનો ભોગ બન્યાની પોસ્ટ કરી

મોડાસા, તા. ૧૮

ઉનાળાની શરૂઆત ખેડૂતો માટે આફતરૂપ બની રહી છે રાજ્યમાં ઠેર ઠેર બે દિવસથી કમોસમી વરસાદ થતા ચોમાસા જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે અરવલ્લી જીલ્લામાં છેલ્લા બે દિવસ વાદળછાયું વાતાવરણ સર્જાયા પછી મોડાસા તાલુકાના ટીંટોઈ, દધાલિયા, ઉમેદપુર સહીત પંથકમાં ભારે પવન સાથે ધોધમાર કરાનો વરસાદ થતા ખેતરમાં ઉભા તૈયાર પાકનો સોથ વળી જતા ખેડૂતોના હાથમાં આવેલ કોળિયો છીનવાયો છે ભિલોડા તાલુકામાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ ખાબકતા ખેડૂતોમાં ભારે ચિંતા પ્રસરી હતી. અરવલ્લી જીલ્લામાં છુટાછવાયા વરસાદી ઝાપટા સાથે મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદથી બજારોમાં અને રસ્તાઓ પર નદીઓની માફક પાણી વહેવા લાગ્યું હતું ભારે પવન સાથે સાંબેલાધાર વરસાદથી ખેતરો તળાવમાં ફેરવાતા ખેતરમાં ઉભા ઘઉં સહીત પાકનો કચ્ચરઘાણ નીકળી જતા ખેડૂત પરિવારો રીતસર હેબતાઈ ગયા છે સતત કમોસમી વરસાદે ખેડૂતોના મહામુલા પાકને નષ્ટ કરી દેતા ખેડૂતો દેવાના ડુંગર નીચે દટાઈ જવાની સ્થિતિનું નિર્માણ થયું છે ખેડૂત અને તેનો પરિવાર મોંઘાદાટ બિયારણ, જંતુનાશક દવાઓ દિવસ-રાત કાળી મજૂરી કરી પાક લણવા ટાણે કુદરત રૂઠતા ખેડૂતોને ખર્ચ માથે પડતા ખેડૂતોના હાલ બેહાલ થયા છે સરકાર દ્વારા કમોસમી માવઠાનો ભોગ બનેલ વિસ્તારમાં ખેતીવાડી વિભાગ દ્વારા સર્વે કરાવી યોગ્ય વળતર ચુકવવામાં આવેની માંગ કરી રહ્યા છે. ભિલોડા પંથકમાં ફાગણમાં અષાઢી માહોલની જેમ તોફાની વરસાદ ખાબકતા ખેતીને વ્યાપક નુકશાન થયું છે ભારે પવનના પગલે વીજળી ડૂલ થતા લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

પ્રાંતિજના મજરા રોડકોસ કરી રહેલ ઈસમનુ મોત નિપજાવી ભાગેલ કાર ચાલકને પોલીસે ઝડપી પાડયો

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મજરા બ્રીજ પાસે રોડ કોસ કરી રહેલ ઈસમ નુ મોત નિપજાવી ભાગેલ કાર ચાલક ને પ્રાંતિજ પોલીસે હ્યુમન સોર્સિંગ અને ટેકનીકલ સર્વેલન્સ ની મદદત થી ઝડપી પાડયો. પ્રાંતિજના મજરા બ્રીજના છેડે કાલીયા ઉર્ફે કાલુરામ વાલજી ભાઈ મિણા રોડ ક્રોશ કરી રહ્યા હતા તે દરમ્યાન કોઈ અજાણ્યો વાહન ચાલક પોતાની કાર ફુલફાસ્ટ હંકારી લાવી ટક્કર મારતા ગંભીર ઈજાઓ પહોંચતા ઈસમ નું મોત નીપજ્યું હતું જે અંગે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી ત્યારે પ્રાંતિજ પોલીસે હ્યુમન સોર્સિંગ અને ટેકનીકલ સર્વેલન્સ દ્વારા માહિતી એકઠી કરી તપાસ કરતા ક્રેટા ગાડી નંબર GJ 01 RY 5225 ના ચાલક સોની પ્રિયાંક પ્રકાશચંદ્રને શોધી કાઢવામાં પ્રાંતિજ પોલીસને સફળતા મળી હતી.